શ્રી

સંમેલન સંગીતાવલી.

શ્રી ઉનેવાળ સેવકમંડળ તરફથી

પ્રયોજક તથા પ્રસિદ્ધકર્ત્તા,

લલ્લુભાઈ શંકરભાઈ ભટ્ટ,—મંત્રી.

મુંબઈ.

પ્રત ૫૦૦ પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૭૩ સન ૧૯૧૭

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે

છાપી. પાંચકુવા—અમદાવાદ.

મૂલ્ય બે આના.

શ્રી

સંમેલન સંગીતાવલી.

શ્રી ઉનેવાળ સેવકમંડળ તરફથી

પ્રયોજક તથા પ્રસિદ્ધ કર્ત્તા,

લલ્લુભાઈ શંકરભાઈ ભટ્ટ,—મંત્રી.

મુંબઈ.

પ્રતિ ૫૦૦ પ્રથમાવૃત્તિ.

સંવત ૧૯૭૩ સન ૧૯૧૭

ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે

છાપી. પાંચકુવા—અમદાવાદ.

મૂલ્ય બે આના.

ઉપોદ્ઘાત.

શ્રી ઉનેવાળ અભ્યુદય માસિક દ્વારાએ, યથામતિ યથાશક્તિ જ્ઞાતિસેવા કરતાં, સ્વજ્ઞાતિમાં સામાજીક સેવાનું બળ જમાવવા, સાત વર્ષથી જે કંઇ પ્રયાસ આ લખનાર સેવકે આરંભ્યો છે, તેની સાધનામાં જ્ઞાતિનું દર્શન કરાવે, જ્ઞાતિહિતની વૃત્તિ જાગૃત કરે, **શ્રી ઉનેવાળ સેવક મંડળ**નાં સંમેલનોમાં અને જ્ઞાતિમાં ચોરાવાર વખતો વખત થતા મેળાવડાઓમાં રસ પૂરી શ્રોતાઓના મન પર સચોટ અસર કરે, એવું સંગીત પ્રતિ માસ પ્રસિદ્ધ થાય છે: તેમાંથી પ્રચલિત નાટકીય ઢબ પર રચાયલાં થોડાંક ગીતો ચૂંટી કાઢી, આપણી જ્ઞાતિના સુપ્રસિદ્ધ સંગીતવેત્તા પંડિત **શ્રીયુત ઓમકારનાથ ગૌરીશંકર ઠાકરે** આપેલાં થોડાંક શાસ્ત્રીય ઢબનાં ગીત સાથે આ **સંગીતાવલી**નું ગ્રથન કરવામાં આવ્યું છે.

શુકલતીર્થ મુકામે ભરાયલા સેવક મંડળના ચોથા વાર્ષિક સંમેલન પ્રસંગે **સંગીત મંડળી**ની સ્થાપના થઇ, તે સંગીતદ્વારાએ સામાજીક સેવાક્ષેત્રમાં ઉપયોગી થાય અને અનુકૂળતા પ્રમાણે જ્ઞાતિ મેળાવડાઓમાં હાજરી આપી મળેલા જ્ઞાતિભાઇઓનું ધ્યાન જ્ઞાતિ સેવા પ્રતિ ખેંચે, તેવા આવશ્યક સાધનની ખોટ તેને હતી, તે આ સંગીતાવલી પૂરી પાડશે એવી આશા રખાય છે. તેમજ લગ્નાદિક શુભ

પ્રસંગો ન્યાતમાં આવે છે, ત્યારે આનંદમાં ઝુકી રહેલાં સ્ત્રીપુરૂષો ભેગાં થાય છે, તેમના રંજનાર્થે હરિકીર્તન ને પ્રભુભક્તિનું સંગીત રજુ કરવામાં આવે, તેમાં આ સંગીતાવલીમાંથી પણ કંઇ શ્રોતૃ વર્ગને અપાય, તો જ્ઞાતિસેવાને પ્રોત્સાહન મળશે. વળી જો કે આ સંગીત બહુધા ઉનેવાળ બ્રાહ્મણોની જ્ઞાતિને સંબોધે છે, છતાં તેમાંથી અન્ય જ્ઞાતિના સજ્જનો પણ કંઇક લાભ લઇ શકે એમ છે.

સામાજીક સેવાનેજ અર્પણ કરવા યોજાયેલા આ સંગીતમાં જેટલું સરસ જણાય, તેટલું પ્રભુનું છે, અને દોષવાળું જણાય તેટલું મ્હારૂં છે. કારણ કે શુભની સાધનામાં મનુષ્ય નિમિત્ત માત્ર છે, કાર્ય કરનાર પ્રભુ છે.

શુભમ્

લલ્લુભાઇ શંકરભાઇ ભટ્ટ,

મંત્રી.

ॐ.

॥ श्री कनकेश्वरी प्रसन्नास्तु. ॥

(१)

ઉદયનાદ.

॥ उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत. ॥

ઉઠો, જાગો, અને શ્રેષ્ઠનો સંગ કરી, ઉપદેશ ગ્રહણ કરો.

(રાગ ભૈરવ:—જાગ મારા વ્હાલા બાળ—એ રાહ.)

આજ ન્યાતે ઉદયનાદ શુણ ભાઇ ગાજે. ધ્રુવ.

થયું નિજ જાત ભાન, ઉઘડી આંખ આવ્યું જ્ઞાન:
સુજન સહુ લઈ તાન, સ્નેહ સંપ સાજે. આજ.

વધી રહી વિદ્યાની વાત, ટળી જતી ખોટી પંચાત:
સુવિચારો ભાત ભાત, શોભતા સમાજે. આજ.

હર્ષ હૃદે હૃદે ઉભરાય, જુઓ પ્રફુલ્લતા પથરાય:
સમીર સુખના આજે વાય, શાંતિ તો વિરાજે. આજ.

ઝરે તેજ ઝગ ઝગાટ, નવિન થતી આખી ન્યાત;
વધે વિશ્વમાં વિખ્યાત, નામ કામ છાજે. આજ.

ભ્રાત તણું હૈયે હિત, સેવામાં પ્રેરાયે ચિત;
સુખ આવે નિત નિત, યત્ન એવા આજે. આજ.

આવી **કનક** માત સા'ય, અભ્યુદયે હોંશે ભરાય;
આનંદ આનંદ તો છવાય, પ્રેમના અવાજે. આજ.

(લ. શાં. ભટ્ટ.)

(૨)

જ્ઞાતિસેવકનો ઉલ્લાસ.

(ધનાશ્રી.)

આનંદ ઓચ્છવ આજ, મારે મંદિર આનંદ ઓચ્છવ આજ. ધ્રુવ.
પ્રકટ થયું બળ ન્યાતની માંહે, ઉન્નતિ કરવા કાજ. મારે.
છૂટા થયા ભાઇ છેટે ન લાવે, સંધાયો સહુ સમાજ. મારે.
વિદ્યા વિનોદે વધતી વાતો, ઉઠે જ્ઞાતિની દાઝ. મારે.
સમજણ હિતે જાગી સૌમાં, મળતો સુધારાનો સાજ. મારે.
ઉચ્ચતા આપણી આજ છતી થઇ, જાણ્યું હતું ઘર રાજ. મારે.
ઉન્નત પુરના ઉન્નત આપણ, સૌ કો' જાણી ગયાજ. મારે.
હિતકર રસ્તો કનક કૃપાએ, ભાઇ ! મળ્યો મન ગાજ. મારે.

(લ. શં. ભટ્ટ.)

---

(૩)

જ્ઞાતિભાઇઓને જાગૃત કરતા સેવકો.

(પઢોરે પોપટ રાજા રામના સતિ સીતા પઢાવે–એ રાહ.)

જાગો રે ! ઉન્નતપુરના વાસીઓ, વીરા આવી જગાડે. ધ્રુવ.
સેવા શીખવી ન્યાતની હિત લગની લગાડે. જાગો રે.
બંધુત્વ બંધ બાંધતાં, સ્થિતિ ભાન કરાવે;
વિદ્યા વાટે વાળી ને, સુખ શાંતિ પમાડે. જાગો રે.

સ્નેહે સાંધા સાંધીને, જ્ઞાતિ સંપ સજાવે;
ઉન્નતિ રસ ઉર આણતાં, ભય ભ્રાંતિ ભગાડે. જાગો રે.
સુધારણા પંથ પાથરી, જ્ઞાતિ નામ દીપાવે;
શોધ કરે શુભની સદા, શુભ સાધી સધાવે. જાગો રે.

(લ. શં. ભટ્ટ.)

---

(૪)

જ્ઞાતિસેવકના હૃદયોદ્‌ગાર.

(અરે, દુનિયામાં પ્રેમી ક્યાં, બધે મતલબની યારી છે—એ રાહ.)

ભલે ! દુનિયા દિવાનો કે', મને તો ન્યાત મ્હારી છે;
ભલે ! કો' માન દે ના દે, મને તો ન્યાત મ્હારી છે.

(સખી)—દુઃખે ન્યાત પડી રહે, સુખીઓ ક્યાંથી હું;
ગાંઠ પડી જે જન્મની, તોડી ક્યાંજ જવું ?
કપાઇ ના કપાયે તે વિધિએ છાપ મારી છે.

(સખી)—ભારો મળીઓ ભાગ્યનો ઉતારૂં ક્યાં ભ્રાત ?
વ્હેવુ' સે'વું સુખથી, પડયું પાનું લઇ હાથ.
ખરો ખોટો ગમે તે કહો, મને તો ન્યાત મ્હારી છે.

(લ. શં. ભટ્ટ.)

---

(૫)

સ્વાગતમ્.

જે વીર સેવાવ્રત લેતા, તેને મ્હારા સ્વાગતમ્ સ્વાગતમ્;
જે જ્ઞાતિહિતે રોજ રે'તા, તેને મ્હારા સ્વાગતમ્ સ્વાગતમ્. (ધ્રુવ.)

(**સાખી**)–ભણતર ભૂખ્યાં બાળકો કરી રહ્યાં પોકાર;
યાચે આશ્રય દીન થઇ કરવી તેની વ્હાર.
જે વિદ્યા વાટે દાન દેતા, તેને મ્હારા સ્વાગતમ્ સ્વાગતમ્. જે વીર૦

(**સાખી**)–મત મમંતના માંડવા ન્યાતે બહુ રોપાય;
કજીઆ ને કંકાશથી સ્નેહ સમૂળો જાય.
સુખ શાંતિના જે થાય નેતા, તેને મ્હારા સ્વાગતમ્ સ્વાગતમ્. જે વીર૦

(**સાખી**)–'ઉન્નત નામે આપણે અવનત કેમ રે'વાય;'
મનમાં રાખી ભાન એ ફરી રહ્યા જગ માં'ય.
એવા જીવનમાં જેહ વ્હેતા, તેમને તો સ્વાગતમ્ સ્વાગતમ્. જે વીર૦

(**સાખી**)–ભવમાં ભેટો જે થયો, કંઇ હિત તેનું થાય;
કલ્યાણે જે કંઇ કરો, કૃષ્ણ કરે ત્યાં સહાય.
એ ભાવનામાં મસ્ત રે'તા, તેમને તો સ્વાગતમ્ સ્વાગતમ્. જે વીર૦

(**લ. શં. ભટ્ટ.**)

(૬)

સ્વદેશ ગીત.

(રાગઃ બંગીય કાફી.)

वंदे मातरम् ॥

सुजलाम् सुफलाम् मलयजशीतलाम् ।
शस्य श्यामलाम् मातरम् ॥ वंदे०

शुभ्र ज्योत्सना पुलकित यामिनिम् ।
फुलकुसुमित द्रुमदलशोभिनिम् ।
सुहासिणीम् सुमधुरभाषिणीम् ।
सुखदाम् वरदाम् मातरम् ॥ वंदे०

---

(૭)

પ્રભુપ્રાર્થના.

રાગ કાનડો. તીન તાલ, (રજનીનાથ) એ રાહ.

પ્રણુત પાલ હું અધમ અનાડી
આપ ધ્યાનમાં વાર લગાડી. પ્રણુત પાલ.

પ્રભુ તવ પૂજન પ્રેમ થકી મેં
કીધું નહિ મન ચપલ લગાડી

વિષયાદિકના વિષમય વ્યસને
તન મન ધન બલ બુદ્ધિ બગાડી. પ્રણુત પાલ.
આ શરણનું ભાન ભુલીને
કીધી લાખ કરોડ લબાડી
પણ અંતે સમજ્યો રઘુનાયક
ઓંકાર બાલક તું માડી. પ્રણુત પાલ.

(ઓમકાર નાથ)

---

(૮)

ઉન્નત વીરોને જાગૃતિ માટે સંબોધન.

(નયને નિદ્રા ન આવે જરી—એ રાહ.)

ઉન્નત વીરો જાગો હવે !
જાગો હવે રે ભાઈઓ ! જાગો હવે, ભાઈઓ ! જાગો હવે.
આ સેવક પાડે પોકાર રે. ઉન્નત૦
નિરખો બાળો બિચારાં, વિદ્યા વિનાનાં રે;
વેગે ધાઈ કરો વાર રે. ઉન્નત૦
રાજ્યના ભોગીલા મારા, ભીખ માગે ભાળો રે;
આવે કદિ શું ના વિચાર રે. ઉન્નત૦
માત રીસાણાં મારાં કનક કૃપાળુ રે;
મનાવો તો બેડો પાર રે. ઉન્નત૦

(લ. શં. ભટ્ટ.)

---

(૯)

" ન્યાત મ્હારી છે. "

(કવ્વાલી.)

ભલે જેવી ગણો તેવી, તથાપિ ન્યાત મ્હારી છે;
જગે જ્યાં જન્મ આપ્યો છે, તહિં તરવાની બારી છે.
હશે કો' જીવતો પ્રાણી, ન કે' આ ન્યાત મ્હારી છે!
મરેલો એ જીવે જાણો, સ્વજ્ઞાતિ જે વિસારી છે.
બધી દુનિયા ત્રુટે તોયે, મને તો ન્યાત મ્હારી છે;
કહો પરવા રહી કોની? અરે જે ન્યાત મ્હારી છે.
કરોડોની કમાણી હો, કદિ દીનતાની વારી છે;
સુખે સૂતો રહું હું તો, દયા જે ન્યાત તારી છે.
કનક છાયા રહી માથે, મને મા સા'યકારી છે:
ધરૂં ભય કયાં? ફરૂં જ્યાં ત્યાં? કદિ જે ન્યાત મ્હારી છે.

(લ. શં. ભટ્ટ.)

---

(૧૦)

સેવકની યાચના.

(દાસ પરે દયા લાવોરે—એ રાહ.)

જ્ઞાતિદશા દિલ લાવો રે! વ્હાલા વીરા!—જ્ઞાતિ૦
ભાળો કંઈ એક ભમતા ભ્રાતા, દીનતામાં ગોથાં ખાતા;
શાને નવ વ્હારે આવો આવો રે!—વ્હાલા૦

એક નાવમાં બેઠા તરવા, સા'ય પરસ્પર ખાંતે કરવા;
ખોટા કયમ વઢવા જાઓ જાઓ રે !—વ્હાલા૦

ધર્મ કર્મનાં ફાંફાં જાણો, જન્મ દોરડાં ફોગટ તાણો;
ભાઇ મન ના જો ભાવો ભાવો રે !—વ્હાલા૦

'ન્યાત શોભે જગે અમારી,' કદિ લહ્યું ના જો મન ધારી;
આવ્યા તેમ ફરતા જાઓ જાઓ રે !—વ્હાલા૦

કરી કમાણી ધન ઢગ વાળો, જ્ઞાન ભૂખ્યાં બાળો ભાળો;
કોડી નવ પૂણ્યે વાવો વાવો રે !—વ્હાલા૦

જમડા ફરતા માથે માનો, પ્રાણ પળમાં ખેંચે જાણો;
હાથે તે સાથે સ્હાવો સ્હાવો રે !—વ્હાલા૦

(લ. શં. ભટ્ટ.)

---

(૧૧)

સંબોધન.

રાગ માઢ.

(બાદિલા ! બેગે આયો રે—એ રાહ)

વીરાઓ, વ્હેલા આવો રે !
આ અવસર વીતી જાય. વીરાઓ૦

પડતાં પડતાં બહુ પડયા, ભ્રાતાઓ ભવ માં'ય;
બહાદુર તે બનીઆ બિચારા, તમવિણ કોની સા'ય? વીરાઓ૦

કો' આપણુ, કેવા હતા, કોણુ આપણી જાત;
એ ભાન ભૂલી ભમતા ફરે, એને આણુવા સીધી વાટ. વીરાઓ૦
જ્ઞાન વિના કંઇ આંધળા, અંધારે અટવાય;
હાથ ધરી ઉદ્ધારવા એને તમવિણુ કો' નવ જાય. વીરાઓ૦
પણુ જીવનનું પાળવા ચૂકો શું એ ભ્રાત !
કેડ કસી સ્નેહે ધસો, કરે સ્હાય કૃપાળુ માત. વીરાઓ૦

(લ. શં. ભટ્ટ.)

---

(૧૨)

સ્તુતિ.

(રાગઃ કાનડેકી બહારઃ ઝપતાલ.)

તેરા નૂર સબમે સમાયા હુવા હૈ;
કુલ આલમ તેરા હિ બનાયા હુવા હે.—તેરા૦
રમા હૈ તુ હર ગુલમે;
માનિંદ બૂરે જગતમે તુહી જગમે ગાયા હુવા હૈ.—તેરા૦
ચમકતે હૈ દુનિયામેં જો ચાંદ સુરજ;
તેરે હીસે પરકાશ પાયા હુવા હૈ.—તેરા૦

---

(૧૩)

પ્રભુ પ્રાર્થના.

(રાગ ભીમપલાસી-ત્રણ તાલ.)

પામરને પા-વન કરી લે-પ્રભુ૦
હું દાસ તમારો— (ધ્રુવ.)

સ્મરણ કરૂં છું સાત્વિક ભાવે;
વિનતી દાસની માન્ય કરો;
હું દાસ તમારો—

નાથ કહે છે ભવસાગરના,
દુઃખથી મુજને દૂર કરો;
હું દાસ તમારો—

(ઓમકાર નાથ.)

---

(૧૪)

પ્રણવ પ્રાર્થના.

एकाक्षरं परं ब्रह्म ॥

ૐકાર એ પરબ્રહ્મ છે.

(રાગઃ કલ્યાણઃ ત્રણ તાલઃ)

ઓમ્ પ્રણવ વંદીએ—
" ધી મહિ ધી મહિ " રટી રટી રહીએ. (ધ્રુવ.)

અગણિત ગુણ પ્રભુ ! ક્યમ કરી કથીએ ?
તુજ જ્યોતિ જોવા મથીએ.—
"નેતિ નેતિ" જ્યાં વેદ ઉચારે,
ત્યાં ગતિ શું અમ કરી શકીએ ?—ઓમ૦
નિર્ગુણ રૂપ સગુણ બનાવ્યું,
નિજમાં નિજ લીલા લહીએ;
મુનિવર ઋષિવર પાર ન પામે;
તો અમ પામર શું કહીએ ?—ઓમ૦

(લ. શં. ભટ્ટ.)

---

(૧૫)

શ્રી કનકેશ્વરીની યાચના.

यदा यदा हि बालास्ते शरणं प्रपन्ना मातः ।
अभ्युत्थानाय तेषां तु करास्तया प्रसारिताः ॥

(વા'લા વેગે આવો રે, દયા દિલે લાવો રે—એ રાહ.)

દાઝ અમારી ધરવા રે, ઉન્નત અમને કરવા રે,
માજી મારાં આવજો, હોજી.
નહિ આવો તો જાશે અમારી લાજ (૨)— દાઝ૦
(સાખી) સેવાથી ચૂક્યા અમે, કે પ્રકટયાં કંઈ પાપ;
આજો દુઃખિઆં થઇ ભમે, રીસાયાં શું આપ ?

તમ વિણ અમને શરણ ન કોય, કો' કાપે જગમાં પરિતાપ?
દુઃખ હવે તો હરવા રે.—માજી૦

(સાખી) પડતાં પડતાં બહુ પડયા, 'ત્રાહિ ત્રાહિ' કે'વાય;
ગત સંભારી ચાલતું જોઇ ના રે'વાય.

યત્ન અમારા સફળ જ હોય, જો મા આવી આપો સા'ય;
આશ ઉરે અમ ભરવા રે.—માજી૦

(સાખી) મોટાં મન મોટાં ધરે, નાનાં નગુણાં હોય;
કરણી અમ જોશો નહિ, તારે તમ વિણ કોય?

માથે આપ બિરાજો તોય, કયમ ન્યાતે શુભ દિન ના હોય?
શાંતિ ઘર ઘર ભરવા રે—માજી૦

(લ. શં. ભટ્ટ)

(૧૬)

જ્ઞાતિનું એક દર્શન.

(મઝા દેતા હય ક્યા યાર—એ રાહ)

જુઓ, આંખ ઉઘાડી ભ્રાત!
નથી ન્યાત હતી તે આજે.
નથી ન્યાત હતી તે આજે (૨)
ઉઠો કેડ કસો સૌ સાથ
નિજ ઉન્નતિ કરવા કાજે.—જુઓ૦

ક્યાં ઓઝા એ હોંશીઆર, જેણે વહ્યો રાજ્યનો ભાર;

સુભટ ઠાકર લાચાર, જોઇ ન્યાત બિચારી લાજે.--જુઓ૦
જાનીનું ગયું સહુ જ્ઞાન, ભણતા **ભટ્ટ** તે બેભાન;
પુરોહિત પડયા લઇ દાન, જેણે કામ કરાવ્યાં રાજે.-જુઓ૦
દવે દુબળા હાય! **પાઠક** પણ ગોથાં ખાય;
જોશી જગે ભચકાય, જોઇ દિલ શું ના દાઝે.-- જુઓ૦
દુઃખે ડૂબ્યા સહુ સાથ છે તરવું હાથો હાથ;
કરો કાર્ય મળી સંગાથ, પછી ન્યાત જગતમાં ગાજે.-જુઓ૦

(લ. શં. ભટ્ટ.)

---

(૧૭)

સ્તુતિ.

(રાગ કાફી તાલ દીપચંદી.)

અબકી ટેક હમારી લાજ રાખો ગિરિધારી—ટેક
જેસી લાજ રાખી અરજુનકી ભારત યુદ્ધ મઝારી,
સારથી હો કે રથકો હાંકો ચક્ર સુદર્શન ધારી;
ભક્તનકી ટેક ન ટારી-અબકી ટેક હમારી.
જેસી લાજ રાખી દ્રોપદિકી હોન નહીન્દી ઉઘારી,
ખેચત ખેચત દો ભુજ થાકો દુશાશન પચહારી;
ચિર બઢાયો મુરારી-અબકી ટેક હમારી.
સૂરદાસકી લાજ રાખો અબ કો હૈ રખવારી,
રાધે રાધે શ્રીવર પ્યારો શ્રીવૃખ ભાન દુલારી;
શરણ તક આયો તુમ્હારી-અબકી ટેક અમારી.

(૧૮)

નામ સ્મરણ.

(રાગ ભૈરવી તીન તાલ)

જે નામ સ્મરણમાં લીન થશે,
તે પરમ ધામને મેળવશે.—ટેક.
જે રામ ચરણને જઇ ધરશે,
તે ભવસાગરથી મુક્ત થશે.
જે નામામૃત પ્રાસન કરશે,
તેની સર્વે તૃષ્ણા ટળશે.—જે નામ સ્મરણમાં.

(ઓમકારનાથ.)

---

(૧૯)

સેવકનો પોકાર

(વારી જાઉંરે સાંવરીઆ તોપે વારનાં રે—એ રાહ)

શું સેવકનો પોકાર ભાઇ ના સાંભળો રે! ધ્રુવ.
ઘર ઘર વિદ્યા વિણ અંધારૂં, ન્યાત નામનું મામ ન ભાળું;
ઉન્નત અવનત આજે જોઇ ના બળો રે. શું.
સુખ શાંતિ પર લાગ્યું તાળું, કલેશ કુસંપો કરતા કાળું;
ભ્રાત ભ્રાતથી હેતે કો'દિ ના મળોરે, શું.
ખોટા મત ખોટી મોટમતા કાચા દાવામાં રહો રમતા;
ખાંતે જ્ઞાતિ હિતપથ માંહિ ના પળો રે. શું.

પંચ ગળે પંચાતો પડતી, ન્યાત દશા દિલે ના અડતી;
જૂની વાતો ખોલી દળણું કયાં દળો રે. શું.
સૌ રાખે ઘરની પટલાઈ, જ્ઞાતિસેવા કરે ન કાંઈ;
કરવાનું છોડી ને અવળા ક્યાં વળો રે. શું.
આવ્યા તેવું જાવું જાણો, મીથ્યા માને મોજ ન માણો;
જ્યાં જન્મ્યા ત્યાં હિત કરવા વ્હેલા વળો રે. શું.

(લ. શં. ભટ્ટ.)

---

(૨૦)

ભગ્નાશ થયેલા ભ્રાતને જાગૃત કરતો સેવક.

(પહાડી ગઝલ.)

જાગને તું ભાઇ મ્હારા, ભા ભૂલી શું પડયો ? ધ્રુવ.
સ્થિતિને સુધારવા તું ચો દિશે તો આથડયો;
આશ છોડી શાને વ્હાલા ? માર્ગ સીધો આ જડયો. જાગને.
દુઃખદિન તારા ગયા જો, સુખનો સૂરજ ચડયો;
શોક સ્વપ્નાં છોડ વ્હાલા, માની મ્હારૂં થા ખડો. જાગને.
ઉચ્ચ સ્થાનેથી સરી તું, દીનતા માંહે સડયો;
વીત્યું તે વિસાર વ્હાલા, જોને દિન તારો ફર્યો. જાગને.
'આથમે તે ઉગતો' એ પાઠ શું ના સાંભળ્યો ?
સુખ આવ્યું આંગણે જો, માની મ્હારૂં થા ખડો. જાગને.

(લ. શં. ભટ્ટ.)

---

(૨૧)

ન્યાતનો વિલાપ.

(અરે શું માનવનો અભિમાન પલકમાં ટળી જશે રે—એ રાહ,)

અરે ! આ બાળોના એ હાલ, હરિ ! આ બાળોના એ હાલ
ભાળી, દિલમાં બળું રે !

ફરે જગમાં જોવા કંગાળ (૨) ભાળી દિલમાં બળું રે !
ભાળી દિલમાં બળું રે ! રોજ અંગે ગળું રે !— અરે આ૦

પડી દુઃખ દરિયે, ઘડી સુખ જરીએ દે—ખું નહિ;
કલેશ કુસંપે કળતા તોયે બા—ળો સહિ !
આવ્યો આ શો કાળ !— અરે આ૦

રાજ્ય રસીઆ જે હતા, તે રંક થઈ રખડી રહ્યા;
ધરતા જગે જે માન તેના ભાન વિણ ભમતા થયા;
હંસ ચારો ઘાસનો ચરતા થયા, આ શું થયું !
હરિ ! હાય ! દિન શો આવીઓ, મારૂં સહુ ચાલી ગયું;
હાથ હેઠા માહરા, આ તનુજ મુજ જાગે નહિ;
આંસું સરે નયને સદા, જગમાં જગા મારી ગઈ.
દાઝ મારી જ્યાં નહિ ત્યાં દુઃખ કયાંથી સાંપડે;
માતા સમું સુખ કયાં મળે ? દુનિયા બધી કો' આથડે—અરે આ૦

(લ. શં. ભટ્ટ.)

(૨૨)

તીલાના.

(રાગ કાનડા, ત્રણ તાલ,)

ઉદતન દતન દયન રે, દીંતાનો દીંતનન દેરેના દીંદીં તનનન
દેરેના તાનો દીં દીં તનનન દેરના દેરના દીર દીર તનન
દેરેના દેરના દેરના તદાની તન તુંદર તદ રે દાની તદાની

અંત્રા.

યલલી યલલી યલલોં યલલોં યલી યલા લાયાલે
યલલલ લાલે ઉદની તા તદેરના દીં તનનન દેરેના
ના દીર દીર તું દીર દીર દીર દીર દીર દીર દીર
દીર દીર દીર દીર દીર ધિત્લાં તું દીર દીર તા
રે દાની તદાની—ઉદતન.

---

(૨૩)

સેવકનું આવાહન.

(ભૈરવી: જાગો જાગો મુસાફર રાત થોડી છે. એ રાહ.)

આવો, આવો, વીરાઓ ! વાટ શોધી છે:
સેવા વ્રતની વાતો અમે તો બોધી છે.

(બેત) બની બેહાલ બહુ જુઓને ભ્રાત ભમે;
બેદા ત્યજી ભાન સહુ, જોડીને હાથ તમે;

હવે તો હું શું કહું ખરી વાતો ન ગમે!
વિચારો કરી રહું, હૃદે તે રોજ દમે.
શુભ વાતે હજુએ કો' વિરોધી છે?— આવો૦

(બેત) પરસ્પર સાય કરી, કદિ જો નહિ તરો;
સુખી થાશો ન જરી, કહું તે ધ્યાન ધરો;
જીવનમાં દુઃખ ભરી, ન જોવા જગે ફરો,
સાચી સમજ વળી, મૂઝો આડાજ વળો:
ખોટા મતમાં મતિ તમે તો નોંધી છે!— આવો૦

(બેત) કરો કલ્યાણ કંઇ, શુભે શુભ માની લઇ;
હિતે હરિ રાજી રહી હરે દુઃખ સુખ દઇ;
સુધરે સ્વાર્થ સહી, પર શુભ શોધો જહિં:
ખરી આ વાત કહી, ઉતારો ઉર મહિં.
સુખ શાનું જ્યાં સેવાના વિરોધી છે.— આવો૦

(લ. શં. ભટ્ટ.)

(૨૪)

ભ્રાતાઓને જાગૃત કરતો સેવકઃ

(રાગ કાફી: ગર્ભવાસ રાખ્યો રે—એ રાહ.)

ઉન્નત વીરો જાગો રે, જ્ઞાતિ દુઃખે ડૂબી રહી;
આળસ હવે ત્યાગો રે, જુઓ જરી બેઠા થઈ.

ભાન ભૂલીને પડી રહ્યા શું? ગાઢ નિંદરની માં'ય;
રાય હતા તે રંક બન્યા પણ લાજ મળે નહિ કાંય!

ઉન્નતિ પથ પર લાગોરે, વેળા ગઈ આ આવે નહિ;
પ્રભુ પાસે માગો રે, સુખદિન આવે સહિ.

(લ. શં. ભટ્ટ.)

(૨૫)

જ્ઞાતિ પટેલ અને સેવકનો સંવાદ.

(કવ્વાલી.)

પટેલ:—ઉડાવો લાડવા, ભાઈ, જીવનની એ કમાણી છે !
જમ્યા વિણ નામના કાંઇ કહોને ક્યાં સમાણી છે ?

સેવક:—જુઓને આ ગરિબાઇ કંઈ ન્યાતે અજાણી છે ?
અરે, ના આપતા પાઇ જહિં વિદ્યાની લ્હાણી છે !
બતાવું બાળકો, આવો, અભણ સાધન વિનાનાં એ;
દયા દિલે કંઇ લાવો, તમો વિણ દાદ તો કો' લે ?

પટેલ:—અમારે ઘેર એ બાળો ભણી ના કોદરા નાંખે;
લવારો ના કરો કાલો પરાઇ પીડ કો' સાંખે ?

સેવક:—ભાઇ, ભુલો તમે શાણા, પરસ્પર સા'યના લાભો:
હજુએ ના તમે જાણ્યા, વિચારી વાત તો ભાખો.

પટેલ:—મતોના માંડવા બાંધી અમારે મ્હાલવું ન્યાતે:
લઇએ કાજ અમ સાધી, લડાવી લોકને ખાંતે,

સેવક:—અરે, શું, ન્યાત મૂળધાણી કરો તમ સ્વાર્થના માટે;
કદિ ના ન્યાય રીત જાણી, વહો આ અવળી વાટે,

[લ. શં. ભટ્ટ.)

(૨૬)

ગરિબ વિદ્યાર્થીની કહાણી.

(શું કહું કથની મ્હારી રાજ—એ રાહ.)

ક્યાં કહું કથની મ્હારી, ભ્રાત ! ક્યાં કહું કથની મ્હારી;
હું તો બેઠો રે હિમત હારી ભ્રાત ! ક્યાં કહું કથની મ્હારી–ધ્રુવ.

થોડું ભણીને અધવચ અટક્યો, ધન વિણ સહુ ધૂળધાણી;
મોંઘી કેળવણી કોણ અપાવે ? દિલે દયા જરી આણી, ભ્રાત–ક્યાં૦

પિતા પરાણે ઘર આ ચલાવે, જ્યમ ત્યમ કરી દિન ગાળે;
સાત સંધાતાં તેર તૂટે ત્યાં ભણતર મમ કેમ ચાલે, ભ્રાત–ક્યાં૦

ન્યાતો જમાડી લ્હાણી કાડે કંઇ જન ધન બહુ ઉછાળે;
વિદ્યા ભૂખ્યાં બાળો બિચારાં ટળવળતાં કો' ન ભાળે, ભ્રાત–ક્યાં૦

મતની માથાફૂટો ન થોડી કંઇક કરી મન મ્હાલે;
જ્ઞાતિહિતે દ્રવ્ય મળે નહિ ! આડા અરે, એ ચાલે, ભ્રાત–ક્યાં૦

(લ. શં. ભટ્ટ.)

---

(૨૭)

ન્યાતને વિસારી મૂકનારને ઉપાલંભ.

(નાર જાણી પતિવરતા —એ રાહ.)

ન્યાત તારી પડી દુઃખે સુખી તું શાનો જગમાં. (ધ્રુવ)
ધન દોલત દેખી દિલ ફૂલ્યો, ફૂલણજી થઇને બહુ ફૂલ્યો;
જનહિત જ્યાં ભૂલ્યો, ફોગટ ફરવાનો જગમાં— ન્યાત૦

મોહમદે મનમાન્યું મ્હાલ્યો, દુઃખી ભ્રાતનો હાથ ન ઝાલ્યો;
ફોગટ શું ફાલ્યો ? બની દિવાનો જગમાં— ન્યાત૦
કંઈક બિચારાં બાળો ભટકે, સાધન વિણ વિદ્યામાં અટકે;
મન તુજ ના ખટકે ! ખત્તા ખાવાનો જગમાં— ન્યાત૦
સમજ સમજ એ બંધુ શાણા, ભલા ભલા કાળે તો શમાણા;
ક્યાં રંક કે રાણા, કર્યું ભરવાનો જગમાં— ન્યાત૦

(લ. શાં. ભટ્ટ.)

(૨૮)

જ્ઞાતિહિતનું ભાન ભૂલેલા ભાઇઓને શિખામણ.

(માન માયાના કરનારારે, જરી જોને વિચારી તારી કાયા—એ રાહ.)

ભાન ભૂલી, અરે ફરનારા રે ! જરી ન્યાતે જુઓ, ભાઇ મારા !
દાઝ દિલે ધરો ના શું શાણા રે ! કંઇ ભ્રાતાઓ દુઃખે દબાણા !—(ધ્રુવ)
જોબન ધન પર નાચી રહ્યા શું ? પાણી પેરે એ જનારાં;
ખીલ્યું ખરે, એ જુઓ જગતમાં, મત મંમત ધરનારા રે ?—જરી૦
ખાઓ પીઓ ખુબ જાતે સુખી રો', ભૂખ્યા આ ભાઇ બિચારા;
આડાં અવળાં ધન વેરો બહુ, જ્ઞાતિહિતે ન જનારા રે !—જરી૦
ભાર વ્હેતા વ્યર્થ જીવનનો, આવ્યો વખત ખોનારા;
તેડું આવ્યું જમનું જ્યારે, ખાલી હાથે પળનારા રે !—જરી૦

[લ. શાં. ભટ્ટ.)

(૨૯)

સેવાના કાર્યથી વારતા ભાઈને ઉત્તર.

(મીરાંને પૂર્વ જનમની છે પ્રીતરે—એ રાહ.)

વદો શું આવી વીરાએ અવળી વાતરે !
સેવાની લાગી લગનીઆ મને ભ્રાતરે !
કામ નહિ રે છોડું હું એ જી. (ધ્રુવ)
(સાખી) પરહિતમાં હિત આપણું, એજ જીવનનો સાર,
સમજી સેવા વ્રત ધર્યું;
એ-હવે તો સેવા વિણ નહિ બીજી પંચાત રે-કામ૦
(સાખી) વિદ્યા વધતાં ન્યાતમાં સુખીઆ સહુ જન થાય,
એ શું માનો નહિ તમે ?
એ-જુઓને આંખ ઉઘાડી જરી ભ્રાત રે—કામ૦
(સાખી) મતલબ મનની સાધવા ભ્રાતાઓ અથડાય;
દુઃખીઆ થઈ દુઃખી કરે,
એ-અમારે શુભની બતાવવી છે વાટ રે—કામ૦
(સાખી) ખોટા મતના ખાટલે પોઢી ઉંઘે ભ્રાત;
જ્ઞાન વડે ઉઠાડવા;
એ-અમે તો જબરી ભીડી છે બાથ રે—કામ૦
(સાખી) દુઃખ પડે કે સુખ પણ ડગીએ નહિ લગાર;
પણ લીધું તે પાળવું;
એ-અમે તો જન્મ્યા જગતમાં એ માટ રે—કામ૦

(લ. શં. ભટ્ટ.)

(૩૦)

જ્ઞાતિ હિત ભુલેલા સામે પોકાર.

(અરે હું મસ્તાન પ્રેમની મને કોઇ ના છેડો રે—એ રાહ.)

અરે ઓ ભાઇ ! ભ્રાત દુઃખી કેમ વિસારો રે !
સંસારમાં જે સાથ તેનું હિત ના ધારો રે !

(સાખી) જન્મ થકી સાથે મળ્યા, હરવું ફરવું સાથ;
મેળ મળ્યો છૂટે નહિ, તરવું હાથોહાથ.

તરછોડતાં શું છોડશો ? જરા દિલ વિચારો રે—અરે૦

(સાખી) પ્રારબ્ધે પાનું પડયું. તે શું મીથ્યા થાય ?
નામ પડયું ના નીકળે કરો કાંઇ ઉપાય.

પૃથ્વી બધી ખુંદી વળો, પણ ન્યાત આરો રે—અરે૦

(લ. શં. ભટ્ટ.)